**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૩ ટકા

# સિવિલના મેડીકલ સ્ટોર ખાતે સોશિયલ ડિસ્ટન્સ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મેડીકલ સ્ટોર ખાતે દવા લેવા માટે આવતા દર્દીઓમાં સલામત અંતર જળવાય તેવા ઉમદા હેતુથી એક મીટરના અંતરે કુંડાળા કરવામાં આવ્યા છે. દર્દીઓ આ કુંડાળામાં ઉભા રહે છે અને વારાફરતી દવા લઈને ઘરે પરત ફરે છે.

ગાંધીનગર શહેરમાં કોરોના વાયરસના ૭ કેસ પોઝીટીવ નોંધાયા છે. ૬ દર્દીઓ ગાંધીનગર હોસ્પિટલની નવી બિલ્ડીંગના આઠમા માળે તૈયાર કરાયેલા આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે અને એક દર્દી અમદાવાદ ખાતે સારવાર મેળવી રહ્યા છે. તે ઉપરાંત અન્ય સસ્પેકેટેડ દર્દીઓને પણ સારવાર આપવામાં આવે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં કોરોનાના ભયના કારણે તમામ સ્ટાફના કર્મચારીઓ સલામતી અને સાવચેતી રાખી રહ્યા છે. હોસ્પિટલનો તમામ સ્ટાફ મોં પર માસ્ક બાંધેલો જોવા મળી રહ્યો છે. ત્યારે સિવિલના મેડીકલ સ્ટોર ખાતે દવા લેવા માટે આવતા દર્દીઓને પણ અંતર રાખીને દવા માટે ઉભા રહેવા માટે જણાવાયું છે. તંત્ર દ્વારા એક મીટરના અંતરે કુંડાળા કરવામાં આવ્યા છે જેમાં દર્દીઓ દવા માટે ઉભા રહે છે અને વારાફરતી દવા લેતા નજરે પડે છે. જયારે શહેરી વિસ્તારમાં અન્ય જગ્યાએ પણ કોરોના ના ભયને પગલે નાગરીકોમાં સલાતમ અંતર જાળવી રાખવામાં આવે તે માટે વિવિધ દુકાનદારોએ કુંડાળા કરી દીધા છે. આ કુંડાળામાં ગ્રાહક જઈને ઉભો રહે છે અને ત્યારબાદ નંબર આવે પછી ચીજવસ્તુની ખરીદી કરે છે.



## સિવિલમાં ખાસ વાયરલ ફીવરની ઓપીડી શરુ કરાઈ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડ્રાઈવર રૂમની સામે રૂમમાં સ્પેશીયલ વાયરલ ફીવર ઓપીડી શરુ કરવામાં આવી છે. જેમાં હાલના સમયે ચાલતા તાવ, શરદી, ખાંસી સહિતના દર્દીઓ સારવાર માટે આવે છે. આ સ્પેશ્યલ ઓપીડીનો રોજના અંદાજીત ૩૦૦ થી વધુ દર્દીઓ લાભ લે છે.

# જીટીયુ-આઈઆઈટીઈમાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપો : એનએસયુઆઈ

ગાંધીનગર, તા. ૨૭

કોરોના વાઈરસની મહામારીને પગલે રાજયભરમાં ઉચ્ચ શિક્ષણની વાર્ષિક પરીક્ષાઓ હાલ પુરતી મોકુફ રાખવામાં આવી છે જેમાં આઈઆઈટીઈ અને જીટીયુનો પણ સમાવેશ થાય છે. અત્યારે પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા બંને યુનિવર્સિટીના કુલપતિ સમક્ષ વિધ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાં માંગ કરવામાં આવી છે.

એનએસયુઆઈના ગાંધીનગર જિલ્લા એકમના પ્રમુખ અમિત પારેખ દ્વારા આઈઆઈટીઈ તથા જીટીયુના કુલપતિઓને પત્ર લખીને નોવેલ કોરોના કોવિદ-૧૯ મહામારીના પગલે વાર્ષિક પરીક્ષાઓ રદ કરીને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા માંગ કરવામાં આવી છે જેમાં તેમણે ૨૧ દિવસના લોક ડાઉન પિરિયડને કારણે સર્જાયેલી શૈક્ષણિક સ્થિતિનો હવાલો આપ્યો છે.

હજુ આ સ્થિતિ કેટલો સમય લેશે તેની અવઢવ હોવાને કારણે તમામ વિધ્યાર્થીઓ અસમંજસમાં હોવાનું જણાવતા એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીએ ગુજરાતના રાજયપાલ, મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી સમક્ષ આ મુદ્દે રજુઆત કરી હોવાનું પણ જણાવ્યું છે.

## ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પુરી-શાકનું વિતરણ



ગાંધીનગર,તા.૨૭

કોરોના વાયરસના ભય અને લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે રાજસ્થાન તરફ જવા માટે શ્રમિકોની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે આ શ્રમિકો માટે ચા-પાણી અને નાસ્તો વિવિધ સંસ્થાઓ દ્વારા પુરો પાડવામાં આવે છે. ત્યારે શહેરની ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને ડિવાઈન ડ્રિમ ફાઉન્ડેશન દ્વારા હિંમતનગર હાઈ વે પર તાજપુર ટોલટેક્ષ પાસે છેલ્લા ૪ દિવસથી ચાલતા જતા શ્રમિકોને પુરી શાકનું ભોજન પીરસવામાં આવે છે. તે ઉપરાંત નાના બાળકો માટે બિસ્કીટ આપવામાં આવે છે. દાતાઓના સાથ સહકાર અને સહયોગથી આ ભગીરથ કાર્ય થઈ રહ્યું છે.



ગાંધીનગર શહેર પ્રકૃતિની વચ્ચે વસેલું છે. અનેક વૃક્ષો અને વનરાજીથી ઘેરાયેલા આ શહેરમાં હજુ વાંદરા, નીલગાય અને હરણ જેવા પ્રાણીઓની અવરજવર જોવા મળે છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં વાહનોની અવરજવર વધતા પ્રાણીઓની ગતિવિધિ શહેરમાં ઓછી થઈ ગઈ હતી. વાહનોની સતત અવરજવર તેઓને પરેશાન કરતી હતી પરંતુ લોકડાઉનના પગલે આખા શહેરમાં અજબ શાંતિ પથરાઈ ગઈ છે. કયાંય ઘોંઘાટ જોવા મળતો નથી. આ નિરવ શાંતિ વચ્ચે પ્રાણીઓ અને પંખીઓ આરામથી વિહાર કરતા નજરે પડી રહ્યા છે.



ભર ઉનાળે શહેરમાં વરસાદી વાતાવરણ છવાયું છે. ઠંડી અને વરસાદ વચ્ચે પોલીસ અને હોમગાર્ડના જવાનો ખડેપગે ડયુટી કરી રહ્યા છે. શહેરમાં કોરોના મહામારીની સ્થિતિમાં લોકડાઉનને સફળ બનાવવા તેમનો ફાળો અનન્ય છે.

# ગાંધીનગરના ટીપી-૯ વિસ્તારમાં લોકડાઉનનો પોલીસ દ્વારા કડક અમલ

ગાંધીનગર, તા.૨૭

કોરોના કહેરને મહાત આપવાના મુખ્ય ઈલાજ એવા આજે લોકડાઉનના ત્રીજા દિવસે ગાંધીનગરની સરહદે આવેલા ટીપી-૯ વિસ્તારમાં લોકો વારંવાર બહાર નીકળી રહ્યા હતા. દરમિયાન સવારથી જ પોલીસનું આખા વિસ્તારમાં રાઉન્ડ શરૂ કરવામાં આવ્યું હતું જેમાં લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરી હતી અને જો લોકડાઉનનો ભંગ થશે તો કડક કાર્યવાહીની ચીમકી પણ આપી હતી. જો કે પોલીસ દ્વારા પ્રથમવાર આ વિસ્તારમાં થયેલી સરાહનીય કામગીરીને સ્થાનિકોએ આવકારી હતી. આ વિસ્તારના પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના સક્રીય સભ્યો દ્વારા પણ સોશ્યલ મીડિયામાં સંદેશા પાઠવી સતત જાગૃતિનુ કાર્ય થઈ રહ્યું છે. પોલીસ હાલ તો કોરોનાના કારણે દોડીને લોકોને ઘરમાં રાખવા પ્રયત્નશીલ છે પરંતુ બહાર નીકળી રહેલાની યોગ્ય પુછપરછ પછી જ કડક વલણ અપનાવે તે આ વિસ્તારમાં ઈચ્છનીય બન્યું છે.



# કોરોના કટોકટીમાં પોલીસથી માંડીને જરૂરીયાતમંદો માટે રાધે રાધે ગૃપની સેવા





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં કોરોના મહામારીની સ્થિતિમાં સેવા આપતા પોલીસ, તબીબી સેવકો, સફાઈકર્મીઓ, ફાયર બ્રિગેડના જવાનો વગેરેને શહેરના સેવાભાવી યુવાનોના ગૃપ રાધે રાધે પરિવાર દ્વારા ફુડ પકેટ્સ, ચા-નાસ્તો, પાણી વગેરે પુરા પાડવાની માનવતાભરી સેવા આપવામાં આવી રહી છે. આ સેવા તેઓ ૨૧ દિવસ સુધી પુરી પાડવામાં આવનાર છે.

ગાંધીનગરમાં કોરોના વાઈરસ મહામારી સામે લડવા વિવિધ સ્તરે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે જે અંતર્ગત પોલીસ દ્વારા લૉકડાઉનનું અમલીકરણ કરવું, આરોગ્ય વિભાગ દ્વારા ખડેપગે તબીબી સેવાઓ આપવી, શહેરના ફાયર બ્રિગેડ દ્વારા તમામ જાહેર સ્થળો, સરકારી-બિનસરકારી ઈમારતો, રહેણાંક વિસ્તારની સોસાયટીઓ વગેરેને સેનેટાઈઝેશન કરવાનું અને સફાઈ કર્મીઓ દ્વારા શહેરને સ્વચ્છ રાખવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સાથે શહેરમાંથી પગપાળા વતન તરફ જઈ રહેલા અસંખ્ય શ્રમિકો, શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરીયાતમંદ વર્ગનાં પરિવારો વગેરેને ભોજન માટે પડી રહેલી મુશ્કેલીમાં શહેરના રાધે રાધે ગૃપ દ્વારા સળંગ ૨૧ દિવસ સુધી ફુડપેકેટ્સ, ચા-નાસ્તો-પાણી વગેરેની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. આ સેવા માટે ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવેન્દ્રસિંહ ચાવડા દ્વારા પુરો પાડવામાં આવી રહ્યો છે.

# સિવિલ હોસ્પિટલના સ્ટાફ માટે ખાસ રૂટની બસોની સુવિધાઓ શરૂ કરાઇ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં આવેલી સિવિલ હોસ્પિટલના ડૉકટરો અને અન્ય મેડિકલ સ્ટાફને ગાંધીનગર સિવીલ હોસ્પિટલ આવવા – જવા માટે ખાસ બસોની સુવિધાઓ તેમની જરૂરિયાત મુજબ જિલ્લા કલેકટર શ્રી ડૉ કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર ડેપો દ્વારા સુચારું વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

નોવેલ કોરોના વાયરસના કારણે ગાંધીનગર લોકડાઉન હોવાથી ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડૉકટર, નર્સિંગ સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફને પોતાના સમયમાં ફરજ પર આવવામાં ભારે કઠનાઈઓ પડતી હતી. આ વાતની જાણ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યને થતાં જ તેમણે ગાંધીનગર એસ.ટી. ડેપોના મેનેજરશ્રીને સિવિલ સર્જન, ગાંધીનગરની જરૂરિયાત મુજબના રૂટ પર બસોની ફાળવણી કરી દેવા જણાવ્યું હતું. જે અનુસાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વડાના કહ્યા મુજબ મેડિકલ સ્ટાફ માટે બસની સુવિધા કરી દેવામાં આવી છે.

જેમાં વિજાપુર ખાતેથી એક બસ ઉપડીને વિજાપુર – મહુડી-લોદરા – પેથાપુર થઈ ને સવારના ૮.૦૦ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિવીલના કર્મયોગીઓને લઈને આવશે. આ બસ બપોરના તેમની શીફટ પૂર્ણ થતાં ૩.૨૫ કલાકે પર ગાંધીનગરથી ઉપડી આ જ રૂટ પર વિજાપુર જશે તેમજ કલોલથી એક બસ ઉપડીને ધમાસણા-સરઢવ-રૂપાલ-રાંધેજા અને વાવોલ થઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સવારના ૮.૦૦ કલાકે આવશે. આ જ બસ સાંજના કર્મચારીઓની શીફટ પુર્ણ થતાં પરત ફરશે. આ બંને બસોમાં કલોલના રૂટની બસ આજથી ચાલુ થઈ ગઈ છે તેમજ વિજાપુર રૂટવાળી બસ તા. ૨૮મી માર્ચથી રાબેતા મુજબ કાર્યરત થશે. તે ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કર્મયોગીઓ માટે એસ.ટી. ડેપો દ્વારા અમદાવાદના પાલડી, મેઘાણીનગર અને નરોડા વિસ્તારમાં રહેતા ગાંધીનગર સિવિલના કર્મયોગીઓ માટે ઉમદા સેવા છેલ્લા પાંચ દિવસથી આપવામાં આવી રહી છે.



સોશિયલ ડિસ્ટન્સિંગનો મતલબ છે કે ઘરની અંદર રહો અને સલામત અંતરે રહો જેથી કોરોના વાઈરસના ચેપનો ભોગ ના બનો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નાગરિકોને પોતાના ઘરમાં જ રહેવાની વિનંતીને માન આપીને ગાંધીનગરના આ નાગરિકો ઘરમાં રહીને કેરમ જેવી રમતો રમી સમય પસાર કરી રહ્યા છે પરંતુ ઘરની બહાર નીકળતા નથી. તેઓ કહે છે ઘરમાં રહો, રમત રમો, ચા પીવો, ખૂબ પાણી પીવો અને કોરોનાને હરાવો.

# મધુર ડેરીએ સોસાયટી સુધી શાકભાજી પહોંચાડવાનું અભિયાન હાથ ધર્યું




ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની મધુર ડેરી દ્વારા લૉકડાઉનની સ્થિતિમાં નાગરિકોને ઘરની બહાર નીકળવું ના પડે તે હેતુથી શાકભાજીનું વિતરણ નાગરિકોના રહેણાંક સુધી કરવાનું અભિયાન આરંભ્યું છે. આ માટે મધુર ડેરી દ્વારા શહેરમાં શાકભાજી કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે તેમાં શહેરની મુખ્ય સોસાયટીઓને આવરી લેવાનું કામ હાથ ધર્યું છે. આજથી મધુરડેરીના આ અભિયાનનો પ્રારંભ થયો છે.

## સોસાયટી દીઠ એક-બે વ્યકિતએ સામુહિક ઓર્ડર લઈને આપવો

મધુર ડેરી દ્વારા આરંભવામાં આવેલા શાકભાજી અભિયાનમાં સમગ્ર ગાંધીનગર શહેરને આવરી લેવામાં આવશે. આ અભિયાનમાં શાકભાજીનો સામુહિક ઓર્ડર લેવા માટે એક કે બે વ્યકિતઓ ઓર્ડર લઈને આયોજન કરે તેવો મધુર ડેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. સામુહિક ઓર્ડર લેવા માટે મધુર ડેરીના યુવરાજસિંહ રાઠોડનો મોબાઈલ નં. ૭૨૬૫૯૭૭૭૭૯ અથવા નિરંજન બારોટનો મો.નં. ૯૦૮૧૯૨૨૨૬૭ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

શહેરના નાગરિકોને શાકભાજી જેવી જીવન જરુરી ચીજવસ્તુઓ ખરીદવામાં લૉકડાઉન સ્થિતિમાં અડચણ ના પડે તે હેતુથી દરેક સોસાયટીના દરવાજા સુધી શાકભાજી પહોંચાડવા મધુર ડેરી દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આજથી પ્રારંભ થયેલા આ અભિયાનમાં સમગ્ર ગાંધીનગર શહેરને આવરી લેવામાં આવશે. મધુર ડેરી દ્વારા સોસાયટીના રહીશોને એક સમયે સોસાયટી દીઠ શાકભાજીનો ઓર્ડર આપવા આહવાન કરવામાં આવી રહ્યું છે. આ રીતે સામુહિક ઓર્ડર થકી તાજા શાકભાજીની વિતરણ વ્યવસ્થા સરળતાથી ગોઠવાશે. આજે મધુરડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ મધુર ટીમના કર્મચારીઓની સ્થળ મુલાકાત લઈ તેમને પ્રોત્સાહન આપ્યું હતું અને વિતરણ વ્યવસ્થાનું નિરિક્ષણ કર્યું હતું. તેમણે વિતરણ વ્યવસ્થામાં ગ્રાહકો એક મીટર અંતર રાખી ખરીદી કરે તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચનો કર્યા હતા.

